
# આત્મધર્મ

માસિક : વર્ષ-૨ * અંક-૮ * એપ્રિલ, ૨૦૦૮



હું તો માત્ર દૃષ્ટા-જ્ઞાતા છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી, જ્ઞાયક તરફનો ઝુકાવ કરવાથી, અંતરંગમાં જ્ઞાતાપણું પ્રગટ થતાં આત્મા જાણવામાં આવે છે અને પર ને રાગનું કર્તાપણું છૂટે છે. સમ્યગ્દર્શન કરવાની આ વિધિ છે. હું કેવળ જાણનાર-દેખનાર છું—એવો અંતર્મુખ અભ્યાસ વારંવાર કરવાથી પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ થાય છે અને ત્યારે પરનું કર્તાપણું છૂટે છે; રાગનો વિકલ્પ છે તેનું પણ કર્તાપણું ત્યારે જ છૂટે છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✽ અન્યમતકે શ્રદ્ધાનીકો જો કદાચિત્ શુભલેશ્યાકે નિમિત્તસે પુણ્યકા ભી બંધ હો તો ઉસકો પાપહીમેં ગીનતે હૈં. જો જિન-આજ્ઞામેં પ્રવર્તતા હૈ ઉસકે કદાચિત્ પાપ ભી બંધે તો વહ પુણ્યજીવોંકી હી પંક્તિમેં ગિના જાતા હૈ. મિથ્યાદૃષ્ટિકો પાપી જીવોંમેં માના હૈ ઔર સમ્યગ્દૃષ્ટિકો પુણ્યવાન્ જીવોંમેં માના હૈ. ૧૦૨૩.

*(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૧૭)*

✽ જે મનુષ્ય ધન હોવા છતાં પણ દાન દેવામાં ઉત્સુક તો થતો નથી પરંતુ પોતાની ધાર્મિકતા પ્રગટ કરે છે તેના હૃદયમાં જે કુટિલતા રહે છે તે પરલોકમાં તેના સુખરૂપી પર્વતોના વિનાશ માટે વીજળીનું કામ કરે છે. ૧૦૨૪.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, દાન-અધિકાર, શ્લોક-૩૧)*

✽ હે ભવ્ય જીવો! જો પોતાનું હિત ચાહતા હો તો ગુરુની તે શિક્ષા મનને સ્થિર કરીને સાંભળો. (—કે આ સંસારમાં દરેક પ્રાણી) અનાદિકાળથી મોહરૂપી જલદ દારૂ પીને, પોતાના આત્માને ભૂલી વ્યર્થ ભટકે છે. ૧૦૨૫.

*(પં. દૌલતરામજી, છઢાળા ઢાળ-૧, શ્લોક-૨)*

✽ મારા ચિત્તમાં કલ્પવાસી દેવોના ઈન્દ્રને, નાગેન્દ્રને તથા ચક્રવર્તીને પ્રાપ્ત થતું સુખ નિરંતર તૃણ સમાન તુચ્છ લાગે છે. અલ્પ બુદ્ધિમાન હંમેશા ભૂમિ, સ્ત્રી, લક્ષ્મી, શરીર તથા પુત્રથી સુખ માને છે—એ આશ્ચર્યકારક છે. ૧૦૨૬.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ.-૯, શ્લોક-૧૦)*

✽ હે જિનવાણી! જે પ્રાણી તારું વિધિપૂર્વક સ્મરણ કરે છે તેને એવી કોઈ લક્ષ્મી નથી, એવા કોઈ ગુણ નથી તથા એવું કોઈ પદ નથી, જેને તું વર્ણભેદ વિના ન આપતી હો. આ ગુરુનો ઉપદેશ છે. અભિપ્રાય એ છે કે જિનવાણીનું સ્મરણ કરનારાને સમાનરૂપે અનેક પ્રકારની લક્ષ્મી, અનેક ગુણો અને ઉત્તમપદનું પ્રદાન કરે છે. ૧૦૨૭.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, શ્રુતદેવતા સ્તુતિ, શ્લોક-૨૬)*

✽ જે પુરુષ સમ્યક્ત્વરૂપી રત્નરાશિથી સહિત છે તે પુરુષ ધન-ધાન્યાદિ વૈભવથી રહિત હોય તોપણ ખરેખર વૈભવસહિત છે. જે પુરુષ સમ્યક્ત્વથી રહિત છે તે ધનસહિત હોય તોપણ દરિદ્રી છે. ૧૦૨૮. *(આ.શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગા.-૮૮)*

વર્ષ-૨
અંક-૮

સંવત
૨૦૬૪

APRIL
A.D. 2008




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✍ આહાહાહા! આત્મા પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત જ્ઞાન અને સિદ્ધપર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે, બીજા પરમેશ્વર ક્યાં હતા! પોતે જ પોતાનો પરમેશ્વર છે.

✍ આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. અરે! પરમાત્મા તારી પાસે જ છે. તું જ પરમાત્મા છો! એની સામું તો જોતો નથી ને ધૂળમાં ફાંફા મારે છો! સંતોએ મારગ સહેલો કરી દીધો છે. જ્યાં તું છો ત્યાં જા! જ્યાં તું નથી ત્યાંથી ખસી જા!

✍ શરીર તો આત્મા નહિ પણ એક સમયની શુદ્ધ પર્યાય–ક્ષાયિક પર્યાય પણ આત્મા નહિ! ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો એક કારણપરમાત્મા જ છે.

✍ પરદ્રવ્યને અને આત્માને અત્યંત અભાવ છે એ તો વ્યવહારની નીતિના વચનથી આવે છે, પરંતુ અધ્યાત્મદૃષ્ટિથી તો વિકારને અને આત્માને અત્યંત અભાવ છે. ચૈતન્યગોળો વિકારથી ભિન્ન એકલો છૂટો પડ્યો છે એને દેખ! જેમ તેલ પાણીના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે તેમ વિકાર ચૈતન્યદળમાં પ્રવેશતો નથી.

✍ આજ આકિંચન ધર્મકા દિન હૈ ને! શરીર, ખાના-પીના, રાગ આદિ તો

મેરા નહીં, લેકિન ઉત્પાદ-વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવસ્વરૂપ હી મેરા હૈ. નિશ્ચયમોક્ષમાર્ગ પર્યાય અંશ હોનેસે વ્યવહાર હોનેસે પરદ્રવ્ય હૈ, પરભાવ હૈ, હેય હૈ, ગજબ બાત હૈ! ગજબ બાત હૈ!! પ્રભુ તેરી લીલા કૈસી હૈ તુઝે ખબર નહીં હૈ!

✍ ઉત્પાદ-વ્યય બિનાકા ધ્રુવ આત્મા ઓ હી વાસ્તવિક આત્મા હૈ. એક સમયકા ધ્રુવ ઓ હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ. એક સમયકી શુદ્ધ પર્યાય ઓ વાસ્તવિક આત્મા નહીં એટલે અવાસ્તવિક હુવા, અવાસ્તવિક ઓ હી પરદ્રવ્ય હુઆ, ઈસસે પરભાવ કહા, હેય કહા.

✍ જેને પર્યાયની હયાતીનો જ સ્વીકાર છે એને ત્રિકાળી સ્વભાવની હયાતીનો અસ્વીકાર થઈ જાય છે. અનાદિથી પર્યાયને જ સત્‌રૂપે-હયાતીરૂપે દેખી હતી એને ભૂલી જા! ને ત્રિકાળી સ્વભાવને ભૂલી ગયો હતો તેને જો! સ્મરણ કર! પર્યાયની રુચિમાં, આખો જ્ઞાયકભાવ છે એ દૃષ્ટિમાં આવતો નથી. જ્ઞાયકભાવની રુચિ થતાં જ્ઞાનમાં સંવર-નિર્જરા-મોક્ષપર્યાયનું જ્ઞાન યથાર્થ થાય છે પણ એ પર્યાયની દૃષ્ટિ હોતી નથી.

✍ જેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે તે બીજા જીવોને પણ પર્યાયબુદ્ધિથી જોતા નથી. બીજા જીવોને પણ તે પૂર્ણ પ્રભુપણે જ દેખે છે. ચૌદબ્રહ્માંડ આખો ભગવાનથી જ ભરેલો છે. એક સમયનું લક્ષ છોડી દે તો બધા જીવો ભગવાન સમાન છે.

✍ 'सदव्वाओ सुगई परदव्वाओ दुगई।' (મોક્ષપાહુડ, ગાથા-૧૬) ભગવાન ત્રણલોકના નાથની ભક્તિનો રાગ ઊઠવો તેને પણ દુર્ગતિ કહે છે. શુભરાગથી સ્વર્ગ, શેઠાઈ મળે છે, એ પણ પરમાર્થે દુર્ગતિ છે; સુગતિ તો એક મોક્ષ જ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય એ દુર્ગતિ છે, એમાં ચૈતન્યની સુગતિ નથી. નિજ ભગવાન આત્મા ઉપર લક્ષ જાય એ એક જ સુગતિ છે. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ભવોભવ સમવસરણમાં ભગવાનની પૂજા-ભક્તિ કરી, પણ એ તો પરદ્રવ્યનું લક્ષ છે, તેથી દુર્ગતિ છે. ગૃહસ્થને પાપથી બચવા માટે શુભભાવ હોય છે, તેને વ્યવહારથી ઉપાદેય પણ કહેવાય છે, પણ તેમાં પરદ્રવ્યનું લક્ષ હોવાથી તે ચૈતન્યની સુગતિ નથી. સુગતિ તો એક જ નિજ કારણપરમાત્માના લક્ષથી જ થાય છે. હવે તો અહીં ૪૧-૪૧

વર્ષ થયા છે; સૂક્ષ્મ વાતો ઘણી સ્પષ્ટતાથી કહેવાય છે; પોતાના હિત માટે સમજીને અંદરમાં પચાવવાની આ વાતો છે, કાને પડવી એ પણ મહાભાગ્ય છે.

✍ પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલાં સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે, છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ? ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરકે દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા! પર્યાયની સવતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે.

✍ ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે, એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

✍ ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણ કાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધ પર્યાયો થાય છે. કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા, અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

✍ ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગ સ્વરૂપ આત્મા છે તેના આશ્રયથી વીતરાગતા પ્રગટે એ ધર્મ છે. કર્તા, કર્મ, કરણ આદિ છએ કારકો વીતરાગી ગુણ છે. ષટ્કારકથી સ્વતંત્ર પરિણમવું એવો આત્માનો ગુણ છે અને અનંતા

ગુણોમાં તેનું રૂપ છે. વીતરાગપણે પરિણમવું એવો એનામાં ગુણ છે, રાગરૂપે થવું એવો એનામાં ગુણ નથી. અકર્તા થવું એ આત્માનો ગુણ છે. રાગનું ન કરવું, રાગને ન ભોગવવું એવો આત્મામાં ગુણ છે. આહાહા! વસ્તુની આવી જ મર્યાદા છે. વસ્તુ એની મર્યાદામાં જ રહે છે, મર્યાદા બહાર વસ્તુ જતી નથી. બધા આત્મા વીતરાગ સ્વરૂપ છે. રાગ એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે. આત્મા તો એકલો વીતરાગ જ્ઞાયકસ્વરૂપ છે; એને જ્ઞાનપ્રધાનથી કહો તો જ્ઞાનસ્વરૂપ છે, દર્શનપ્રધાનથી કહો તો દર્શનસ્વરૂપ છે, ચારિત્રપ્રધાનથી કહો તો ચારિત્ર સ્વરૂપ છે, વીર્યપ્રધાનથી કહો તો પ્રભુત્વ આદિ સ્વરૂપ જ છે. આહાહા! આત્મા એકલો વીતરાગસ્વભાવનો દરિયો છે. વીતરાગ કહો કે અકષાય કહો. 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય', સર્વજ્ઞસ્વરૂપની દૃષ્ટિ થઈ એટલે પર્યાયમાં જિન થયો, અમૃતનો સાગર ઊછળ્યો.

✍ નર–નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ–એ નવ તત્ત્વોથી, એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે, અત્યંત જુદો હોવાથી હું શુદ્ધ છું. આહાહા! સાધક-બાધકની પર્યાયથી આત્માને અત્યંત જુદો કહ્યો. શરીર આદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય-પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ પણ સંવર-નિર્જરા-મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ હું એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું. આહાહા! અહીં સમયસારની ગાથા ૩૮મા તો સંવર, નિર્જરા, મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારીક ભાવોથી પણ આત્માને અત્યંત જુદો કહીને દિગમ્બર સંતોએ અંતરના પેટની વાતો ખુલ્લી કરી છે. આવી વાતો બીજે ક્યાંય નથી. આહાહા! જગતના ભાગ્ય છે કે આવી વાણી રહી ગઈ છે.

✍ સમ્યગ્દૃષ્ટિ જીવ, અજીવ, આસ્રવ, બંધ આદિના સ્વાંગોને જોનારા છે. રાગાદિ આસ્રવ–બંધના પરિણામ આવે પણ સમ્યગ્દૃષ્ટિ તે સ્વાંગોના જોનારા જ્ઞાતા-દૃષ્ટા છે, તે સ્વાંગોના કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ એ સ્વાંગોને કર્મકૃત જાણી શાંતરસમાં જ મગ્ન રહે છે. શુભાશુભ ભાવો આવે છે પણ સમ્યગ્દૃષ્ટિ તેને કર્મકૃત સ્વાંગો જાણી તેમાં મગ્ન થતાં નથી. મિથ્યાદૃષ્ટિ જીવો જીવ-અજીવનો ભેદ જાણતા નથી, તેથી તે કર્મકૃત સ્વાંગોને જ સાચા જાણીને તેમાં મગ્ન થઈ જાય છે. રાગાદિ ભાવો કર્મકૃત ભાવો હોવા છતાં તેને પોતાના ભાવો જાણી તેમાં લીન થઈ જાય છે તેવા અજ્ઞાની

જીવોને ધર્મીજીવો આત્માનું યથાર્થ સ્વરૂપ બતાવી, તેનો ભ્રમ મટાડી, ભેદજ્ઞાન કરાવીને શાંતરસમાં લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.

✍ ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે, તે શુભાશુભ ભાવરૂપે પરિણમતો નથી તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપે નથી. શુભાશુભરૂપે થાય તો પ્રમત્ત થાય અને પ્રમત્તનો અભાવ થાય તો અપ્રમત્ત થાય પણ જ્ઞાયકભાવ શુભાશુભરૂપે પરિણમતો નથી, તેથી પ્રમત્ત–અપ્રમત્તરૂપ નથી. શુભાશુભભાવ તે પર્યાયમાં છે ખરા પણ તે જડ છે. જડ એટલે રૂપી પુદ્‌ગલ નહીં પણ અજાગૃત હોવાથી જડ છે. ચૈતન્ય ઝળહળ જ્યોતિરૂપ જે જ્ઞાયકભાવ છે તે કદી પુણ્ય-પાપરૂપે થયો નથી, તેથી આત્માનો અનુભવ કરતાં તે ટળી જશે. પુણ્ય-પાપ ભાવનું લક્ષ છોડી અમે શુદ્ધાત્માનો અનુભવ કરીએ છીએ તેમ તું પણ પુણ્ય-પાપ ભાવનું લક્ષ છોડી દે તો તું પણ જ્ઞાયકભાવનો અનુભવ કરી શકીશ, તને પણ પર્યાયમાં આનંદનું વેદન આવશે. પુણ્ય-પાપભાવ ચૈતન્યની સત્તામાં અભાવરૂપ છે તેથી જ્ઞાયકભાવ જડભાવરૂપ કદી થયો નથી. શુભાશુભભાવે જ્ઞાયકભાવ કદી પરિણમતો નથી. શુભાશુભરૂપે તું કદી થયો નથી, તેથી તેનું લક્ષ છોડતાં શુદ્ધાત્માનો અનુભવ કરી શકીશ.

✍ શ્રોતા :–ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની?

પૂજ્ય ગુરુદેવશ્રી :–ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

✍ ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂજ્ય ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિંદુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે; તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડ્યા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે.

✍ એકલો પુરુષાર્થ કરું....પુરુષાર્થ કરું.....કરું....કરું....કરું એવી એકાંત પુરુષાર્થની બુદ્ધિ રહે–એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે. પાંચ સમવાયનું ભેગું આવવું જોઈએ. તે પાંચે સમવાયનું સાથે આવે ત્યારે તે સહજરૂપ પુરુષાર્થથી સમ્યગ્દર્શન પામે.

✍ નિર્મળ પર્યાય ઊઘડી છે ઈ વ્યવહાર આત્મા છે, કેવળજ્ઞાનની પર્યાય ઊઘડી છે ઈ પણ વ્યવહાર આત્મા છે અને આસ્રવ ઈ અણાત્મા છે, જડ છે, વિપરીત છે.

✍ દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જુઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે–સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી–પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે.

✍ ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી બન્નેના પ્રદેશ ભિન્ન છે. આત્મવસ્તુથી શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે જ પણ અહીં તો મિથ્યાત્વ રાગ-દ્વેષના જે પરિણામ છે તે નિર્મળાનંદ પ્રભુ એવા આત્માથી ભિન્ન સ્વરૂપે છે. તેથી, પુણ્ય-પાપભાવ તે આત્માથી ભાવે ભિન્ન છે, ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશી આત્મા છે તેના આસ્રવના પ્રદેશ ભિન્ન છે, એ છે તો જીવના અસંખ્ય પ્રદેશમાં જ પણ નિર્મળાનંદપ્રભુ અસંખ્ય પ્રદેશી ધ્રુવ છે તેનાથી આસ્રવભાવના પ્રદેશ ભિન્ન છે. આત્મા અને આસ્રવની ભાવે ભિન્નતા છે તેથી તેના પ્રદેશને ભિન્ન કહ્યા છે અને આત્માના આશ્રયે પ્રગટેલી નિર્મળ પર્યાય છે તેને પણ આસ્રવવસ્તુથી ભિન્ન કહી છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશને પણ ભિન્ન કહીને વસ્તુ જ ભિન્ન છે તેમ કહ્યું.

✍ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એ મૂળ સિદ્ધાંતમાંથી કેટલું સિદ્ધ થાય છે!! આમા બાર અંગનું સ્પષ્ટીકરણ નીકળે છે. એક દ્રવ્ય બજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી જ થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એટલે પગ જમીન ઉપર પડે છે એ પગ જમીનને અડતો નથી. જો જમીનને અડે તો બે દ્રવ્ય એક થઈ જાય. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. દરેક દ્રવ્ય

પોતાના નિશ્ચયમાં જ પ્રાપ્ત છે. આત્મા શરીરને અડતો નથી. કર્મથી આત્મા દુઃખી થાય એ વાત ખોટી છે. કર્મને આત્મા અડતો નથી તો એનાથી દુઃખી કેમ થાય? પદાર્થ જુદે જુદા છે તે એક બીજાને કરે શું? પણ આટલી સમજવાની ગરજ કોને પડી છે? દવાના રજકણ રોગને અડ્યા નથી. પાણી ગરમ થાય તે અગ્નિથી તો નહિ જ પણ એના ધ્રુવ દ્રવ્યથી પણ નહીં. એ પાણીની ઉષ્ણ પર્યાય એના કાળે ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે. નરકનાં સંયોગોનું જીવને દુઃખ નથી, સંયોગ જીવને અડતાં નથી પણ પોતાના દ્વેષથી દુઃખ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં— એમાં તો ત્રણ લોકના નાથ તીર્થંકર અને તેમની વાણી પણ તારા ઉત્પાદનું કારણ નહીં એમ આવ્યું. જગતને પાગલ લાગે તેવું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એમાં તો બાર અંગના તાળા ખોલી નાખ્યા છે!!

✍ પ્રવચનસાર ગાથા ૧૭૨મા અલિંગગ્રહણના ૧૮મા બોલમાં કહ્યું છે કે આત્મામાં અનંતગુણો હોવા છતાં તે ગુણોના ભેદને આત્મા સ્પર્શતો નથી કારણ કે ગુણના ભેદને લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે, નિર્વિકલ્પતા થતી નથી. શુદ્ધ નિશ્ચયનયથી એકરૂપ અભેદ સામાન્ય ધ્રુવ દ્રવ્યને લક્ષમાં લેતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પતા થાય છે, તેથી આત્મા ગુણોના ભેદને સ્પર્શતો નથી એમ કહ્યું છે; અને ૧૯મા બોલમાં આત્મા પર્યાયના ભેદને સ્પર્શતો નથી એટલે જેમ ગુણો ધ્રુવમાં છે છતાં તેના ભેદને સ્પર્શતો નથી તેમ ધ્રુવમાં પર્યાયો છે અને સ્પર્શતો નથી એમ કહેવું નથી પણ ધ્રુવસામાન્યથી પર્યાય ભિન્ન જ છે. એવા પર્યાયના ભેદને આત્મા સ્પર્શતો નથી એમ કહીને નિશ્ચયનયના વિષયમાં એકલું સામાન્ય દ્રવ્ય જ આવે છે એમ બતાવ્યું છે.

✍ હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પરંતુ કર્તા–કર્મ, સ્વ–સ્વામી આદિ સંબંધો જ નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ–નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક–અઠીકરૂપ નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું. અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. ત્રણ લોકના નાથ તે વિનય કરવાયોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણ લોકના નાથ પણ વિશ્વમાં–જ્ઞેયમાં આવે છે અને હું જ્ઞાયક છું. આખું વિશ્વ તે જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ અને હું તેનો સ્વામિ એવો સ્વ–સ્વામી સંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા–કર્મ સંબંધ પણ

વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય છું, તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

✍ જેને ભવભ્રમણથી ખેરખર છૂટવું છે તેણે પરદ્રવ્યથી પોતાની ભિન્નતાનો નિર્ણય કરીને પોતાના ધ્રુવસ્વભાવનો મહિમા લાવીને સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ દુકાળ પડ્યો હોય ત્યારે ગરીબ માણસો મોટા પુરુષના આશ્રયથી જીવન ગાળે છે તેમ અજ્ઞાનથી પર્યાયમાં દુકાળ પડ્યો છે તે મોટા પુરુષ જ્ઞાયક ભગવાનના આશ્રય વિના કોના બળે સમ્યગ્જ્ઞાનનો સુકાળ પ્રગટ કરશે? ધ્રુવસ્વરૂપ જ્ઞાયક ભગવાન એ મોટા પુરુષ છે, તેમના આશ્રયથી પર્યાયમાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રનો સુકાળ પ્રગટ થાય છે. ધ્રુવસ્વભાવના બળ વિના સાધકપણું કોના બળે પ્રગટ થશે?

✍ ભાઈ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ છે, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ આદિના ભાવો છે—એ બધાં પુદ્ગલના પરિણામ છે. આહાહા! પ્રભુ! તારી દશામાં થતાં દયા દાન કામ ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ પુદ્ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા, દાન, કામ, ક્રોધરૂપે કેમ પરિણમે? ભાઈ! તારું ઘર તો જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે કેમ પરિણમે? એ તો પુદ્ગલકર્મનો સ્વાદ છે, એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત-ઉષ્ણ પર્યાય છે તે પુદ્ગલની છે, પુદ્ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ-જ્ઞાન તે આત્માની પર્યાય છે, તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખના પરિણામ થાય છે તે પુદ્ગલની પર્યાય છે, પુદ્ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ-જ્ઞાન તે આત્માની પર્યાય છે. જેમ શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભાશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્ગલપરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે! વીતરાગ

સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપિયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે.

✍ નિશ્ચયથી પરમ ઉપેક્ષા સંયમવાળા મુનિને શુદ્ધાત્માની આરાધના સિવાયનું બધુંય અણાચાર છે. શાસ્ત્રસ્વાધ્યાય-ભક્તિ-વ્રત-તપ-વ્યવહારરત્નત્રયનો રાગ આદિ બધો શુભરાગ તે અણાચાર છે. એ બધા શુભરાગની ઉપેક્ષા હોય–અપેક્ષા નથી એવા પરમ ઉપેક્ષા સંયમવાળા મુનિને અતીન્દ્રિય આનંદના વેદન સિવાયનું બધુંય અણાચાર છે. શુદ્ધાત્માની આરાધના, શુદ્ધાત્માની ઉપાસના, સન્મુખતા, એકાગ્રતા સિવાયનું બધુંય એટલે વ્યવહાર-રત્નત્રયનો બધોય શુભરાગ તે અણાચાર છે. ભગવન્ત પરમાત્મસ્વરૂપ જ તું છે, પણ એ વાત કેમ બેસે? કુંદકુંદઆચાર્ય મહારાજ એમ કહે છે કે શુદ્ધાત્મા સિવાયનો બધોય રાગ એટલે કે અમારા તરફનો રાગ એ બધોય અણાચાર છે. પ્રભુ અણાચાર ભાવ એ તારું સ્વરૂપ નથી. એના પડખેથી ખસી જા. તારી સેવા સિવાયનું બધું અણાચાર છે, નિજ શુદ્ધાત્માની સન્મુખતા જ એક આચાર છે, એક જ પ્રતિક્રમણ છે.

✍ પરમભાવ આગળ ત્રણલોકનો વૈભવ તુચ્છ લાગે છે. ઈન્દ્રના ઈન્દ્રાસન મળે તોપણ સમ્યગ્દૃષ્ટિને તુચ્છ લાગે. અરે! બીજું તો શું પણ નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે પણ હું મારા દ્રવ્યદૃષ્ટિના બળે કહું છું કે તે મારી નથી. આહાહા! સ્ત્રી–પુત્રાદિ કે દેહ આદિ તો મારા નથી જ, દેવ–ગુરુ પણ મારા નથી પણ મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય જે પ્રગટ થઈ એ પણ મારી નથી—એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. મારો ત્રિકાળી નિજ પરમભાવ-ત્રિકાળી દ્રવ્યસ્વભાવ-જ્ઞાયકભાવ અગાધ ને અમાપ છે. નિર્મળ પર્યાયનું વેદન ભલે હો, પર્યાયમાં આનંદનો અનુભવ ભલે હો પણ મારા દ્રવ્યસ્વભાવ આગળ પર્યાયની વિશેષતા નથી. અનુભવ પર્યાયમાં છે, વેદન પર્યાયમાં છે. પ્રવચનસારની ગાથા ૧૭૨ના ૨૦મા બોલમાં તો કહ્યું કે મને પર્યાયમાં આનંદનું વેદન થયું એટલો જ હું આત્મા છું–એમ ત્યાં વેદનની મુખ્યતાથી વાત કરી, પણ અહીં તો દ્રવ્યસ્વભાવની અગાધતા પાસે એ વેદનની પર્યાયની વિશેષતા નથી. આવી દ્રવ્યદૃષ્ટિ ક્યારે પ્રગટ થાય કે જ્યારે ચૈતન્યસ્વભાવની અગાધતાનો મહિમા લાવી બીજા બધાથી પાછો વળી જીવ પોતાના સ્વભાવમાં ઢળે ત્યારે પ્રગટ થાય.

✍ ભાવ-આસ્રવના પરિણામ નિશ્ચયથી જીવના છે, જીવ તેને ઉત્પન્ન કરે છે તેમ સિદ્ધ કર્યા પછી જ્યારે ચૈતન્યસ્વભાવનો સ્વાનુભવ કરે છે ત્યારે સ્વાનુભવમાં આસ્રવભાવ આવતો નથી, ભિન્ન રહી જાય છે, તેથી તેને જીવના કહેવામાં આવતા નથી પણ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી તે ભાવને પુદ્ગલના પરિણામ કહેવામાં આવે છે. તેથી, વાણીથી માંડી રાગાદિ અને ૧૪ ગુણસ્થાનના ભેદોને પુદ્ગલદ્રવ્યના પરિણામ કહ્યાં છે. ઉદયભાવ છે તે જીવતત્ત્વ છે તે વ્યવહારથી છે, પરમાર્થમાં ઉદયભાવ છે તે અજીવતત્ત્વ છે.

✍ રાગને જાણવું તે જ્ઞાનનો સ્વકાળ છે, આત્મા રાગમાં વ્યાપતો નથી. જ્ઞાનની જાણવાની પર્યાય અને રાગની પર્યાય પોતપોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે. પરની દયા તો આત્મા પાળી શકતો નથી પણ રાગને પણ આત્મા કરતો નથી અને રાગમાં વ્યાપતો પણ નથી. રાગના કાળે થતા રાગપરિણામને સ્વકાળે થતી જ્ઞાનપર્યાય જાણે પણ કરે નહીં.

શ્રોતા :–પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આખા દ્રવ્યને પ્રમાણજ્ઞાનથી જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે–એમ કહેવાય, પણ શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવની અપેક્ષાથી જોતાં ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે. પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી, ત્રિકાળી ધ્રુવસ્વભાવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે.

✍ શ્રોતા :–ત્રિકાળી નિષ્ક્રિય ચૈતન્ય તે જ પરમાર્થ જીવ છે. બંધ-મોક્ષપર્યાયને કરે તે તો વ્યવહાર જીવ છે. તો કેટલા પ્રકારના જીવ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–બે પ્રકારના જીવ છે, એક પરમાર્થ જીવ છે ને બીજો વ્યવહાર જીવ છે. પરમાર્થ જીવ તો ત્રિકાળી નિષ્ક્રિય મોક્ષસ્વરૂપ જ છે અને બંધ-મોક્ષરૂપે પર્યાય પરિણમે છે તે વ્યવહાર જીવ છે.

✍ જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી–ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની જીવ પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના

અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું સાચું જ્ઞાન થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી.

✍ સંતો કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે! દેવ-ગુરુ પંચપરમેષ્ઠી આદિને જોવાનું તો બંધ કરી દે પણ ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરીને તારા દ્રવ્યને જોવાની આંખને ખુલ્લી કરીને જો! ભાઈ! આ તો પ્રવચનસાર એટલે સંતોના હૃદયના કાળજા છે. એ સંતો એમ કહે છે કે ભાઈ! તારી પર્યાયને જોવાની આંખને સર્વથા બંધ કરી દે. નરકાદિ પર્યાયને જોવાની આંખ તો બંધ કરી દે પણ સિદ્ધ પર્યાયને જોવાનું પણ બંધ કરી દે તો તને દ્રવ્યભગવાનને જોવાના-દેખવાના ચક્ષુ ખુલી જશે. ભાઈ! એકવાર જો તો ખરો! પ્રભુ! તું કોણ છો? જ્યાં પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને જોવાનું જ્ઞાન ઉઘડી ગયું. પર્યાયને જોવાની આંખ બંધ કરી ત્યાં દ્રવ્યને દેખવાની આંખ ઉઘડી ગઈ. હવે એ ભગવાન છાનો નહિ રહી શકે!

✍ સમયસાર ગાથા ૪૯ની ટીકામાં ત્રિકાળી સામાન્ય ધ્રુવદ્રવ્યથી નિર્મળ પર્યાયને ભિન્ન બતાવતા કહ્યું છે કે 'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળા મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.' આ 'અવ્યક્ત' વિશેષણથી ત્રિકાળી ધ્રુવદ્રવ્ય કહ્યું છે. એના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટે છે છતાં એ ત્રિકાળી ધ્રુવદ્રવ્ય વ્યક્ત એવી નિર્મળ પર્યાયને સ્પર્શતું નથી. એ અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યથી નિર્મળ પર્યાય ભિન્ન છે એમ કહ્યું છે.

✍ દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે.

✍ શ્રોતા :-પર્યાય પર્યાયથી પોતાથી સ્વતંત્ર થાય છે તો દ્રવ્યને કારણ કેમ કહેવાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :-પર્યાય પર્યાયથી સ્વતંત્ર જ થાય છે પણ પર્યાય દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ કહેવાય છે. કારણપરમાત્માથી કાર્યપરમાત્મા થાય છે. ત્યાં પર્યાય દ્રવ્ય ઉપર લક્ષ કરે છે તેથી દ્રવ્યને કારણ-નિમિત્ત કહેવાય છે. દ્રવ્યનું લક્ષ કરે છે તેથી દ્રવ્યનો આશ્રય પણ કહેવાય. કારણવસ્તુ તો ત્રિકાળ છે પણ એને કારણ ક્યારે કહેવાય?-કે જ્યારે પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે ત્રિકાળી દ્રવ્યને કારણ કહેવાય છે. આવી વસ્તુસ્થિતિ છે તેને સમજતાં ખોટું પાણી ઉતરી જાય ને સાચું પાણી ચડી જાય એવી વાત છે. ખરેખર તો દ્રવ્ય પર્યાયને કરતું નથી, પર્યાય પર્યાયથી થાય છે, પણ એ વાત જગતને આકરી પડે તેવી સૂક્ષ્મ છે. પર્યાય પર્યાયથી થાય છે-એ જાણવાનું તાત્પર્ય દ્રવ્યસ્વભાવ ઉપર લક્ષ ને દૃષ્ટિ કરવી તે છે. બધાનો સાર તો પર્યાયને અંતરમાં વાળવી તે છે. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા દ્રવ્યના આશ્રયે પ્રગટે છે.

✍ પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ. કર્મને આધીન થઈને રાગ કરે છે એ પરતંત્રતા પણ ભોગવવાની તેની પર્યાયમાં યોગ્યતા છે અને તે જ વખતે તે રાગથી ભિન્ન દ્રવ્યસ્વભાવની શુદ્ધતાનું સામર્થ્ય સદાય એવું ને એવું જ છે એમ દેખે છે.

✍ નિમિત્ત અને રાગ તો ક્યાંય રહ્યા પણ એક સમયની શુદ્ધ પર્યાય પણ અવિદ્યમાન-અસત્યાર્થ-અભૂતાર્થ હોવાથી જૂઠી છે. એકરૂપ ધ્રુવસ્વભાવ જ વિદ્યમાન છે-ભૂતાર્થ છે-સત્યાર્થ છે. એકરૂપ સ્વભાવમાં ગુણભેદ પર્યાયભેદ છે જ નહિ તેથી તે જૂઠા છે.

✍ માટીમય ઘડાને ઘીનો ઘડો કહેવું તે વ્યવહારકથન છે એટલે વ્યવહાર જૂઠો છે. કેમ કે ઘડો ઘીમય નથી પણ માટીમય છે. તેમ દ્રવ્ય તે નિશ્ચય અને પર્યાય તે વ્યવહાર અને વ્યવહાર ઘીના ઘડાના વ્યવહારની જેમ જૂઠો છે તેમ નથી. કેમ કે ઘડો ઘીમય નથી તેમ પર્યાય છે જ નહિ તેમ નથી. પર્યાય અસ્તિરૂપ છે, પર્યાયને

વ્યવહાર કહી પણ તે નથી તેમ નથી. રાગ છે તે અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે અને નિર્મળ પર્યાય છે તે સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. એ પર્યાયોને અભૂતાર્થ કહી છે તેથી તે પર્યાયો છે જ નહિ—ઘીના ઘડાની જેમ જૂઠો છે તેમ નથી. ક્ષાયિક આદિ ચાર ભાવોને પરદ્રવ્ય અને પરભાવ કહ્યા છે એથી એ પર્યાયો છે જ નહીં ને જૂઠી છે તેમ નથી. ઘડો કુંભારે કર્યો તેમ કહેવું તે જૂઠું છે, તેમ શુદ્ધ-અશુદ્ધ પર્યાયોને વ્યવહાર કહ્યો તેથી તે પર્યાયો જૂઠી છે તેમ નથી. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ પર્યાયો તે પર્યાયનયનો વિષય છે, તે વ્યવહારનયે ભૂતાર્થ છે, પર્યાય નથી તેમ નથી. ઘીનો ઘડો નથી તેમ વ્યવહારનયનો વિષય—પર્યાય નથી જ તેમ નથી. દ્રવ્યાર્થિકનયથી પર્યાયને અભૂતાર્થ કહી તેથી પર્યાય છે જ નહિ તેમ નથી પણ નિશ્ચયની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને ત્યાંથી દૃષ્ટિ છોડાવવાના પ્રયોજનથી તેમ કહ્યું છે, પણ તેથી પર્યાય સર્વથા છે જ નહિ તેમ નથી. ઘીનો ઘડો કહેવું તે જૂઠું છે તેમ બધોય વ્યવહાર ઘીના ઘડાની જેમ સર્વથા જુઠો જ છે તેમ નથી. નયોના કથનને જ્યાં જેમ હોય ત્યાં તેમ સમજવું જોઈએ. જો બરાબર ન સમજે તો વિપરીતતા થઈ જાય.

✍ શ્રોતા :–રાગાદિકનું ને જ્ઞાનનું ઉપજવું એક જ ક્ષેત્રમાં ને એક જ સમયે થતું હોવાથી તે બન્નેની ભિન્નતા કેવી રીતે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જે સમયે અને જે ક્ષેત્રે રાગાદિકનું ઊપજવું થાય છે તે જ સમયે અને તે જ ક્ષેત્રે જ્ઞાનનું ઉપજવું થતું હોવાથી અજ્ઞાનીને ભ્રમથી તે બન્ને એક હોય તેમ લાગે છે પણ તે બન્નેના સ્વભાવો જુદા જુદા છે, એક નથી. બંધનું લક્ષણ રાગાદિ છે અને ચૈતન્યનું લક્ષણ જાણવું છે–એમ બન્નેના લક્ષણો ભિન્ન છે. રાગાદિકનું ચૈતન્યની સાથે એક જ સમયે ને એક જ ક્ષેત્રે ઉપજવું થાય છે તે ચૈત્ય–ચૈતક કે જ્ઞેય–જ્ઞાયક ભાવની અતિ નિકટતાથી થાય છે પણ એક દ્રવ્યપણાના લીધે નથી થતું. જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ; તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમકે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. કામ–ક્રોધાદિ કષાય ભાવો જ્ઞાનમાં

જણાય છે તે ખરેખર રાગાદિને પ્રકાશતા નથી કેમકે રાગાદિ જ્ઞાનમાં તન્મય થયા નથી પણ રાગાદિ સંબંધીનું જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રકાશે છે. ચૈતન્ય સ્વયં પ્રકાશકસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. પહેલાં કહ્યું કે આત્મા પરને પ્રકાશે છે, તે વ્યવહારથી વાત કરી પણ ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે જ્ઞાનપ્રકાશમાં આવતી નથી અને જ્ઞાનપ્રકાશ જગતની ચીજોમાં જતો નથી. જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. આથી સિદ્ધ થયું કે બંધસ્વરૂપ રાગાદિના અને પ્રકાશસ્વરૂપ જ્ઞાનના લક્ષણો જુદા હોવાથી તેમને એકપણું નથી. તે બંનેના સ્વલક્ષણો જુદા જુદા જાણીને ભગવતી પ્રજ્ઞાછીણીને તે બંનેની અંતરંગ સાંધમાં પટકવાથી એટલે કે જ્ઞાનને આત્માની સન્મુખ વાળવાથી રાગથી ભિન્ન ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવાય છે.

✍ પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું પુદ્ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા! રાગાદિ પરિણામમાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ-મધ્ય-અંતમાં વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઉપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે. એ જ્ઞાયકભાવ દયા-દાન-ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્ગલકર્મને કેમ કરે? ભક્તિ-વિનય-વૈયાવ્રત આદિના ભાવની આદિ-મધ્ય-અંતમાં પુદ્ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા! ત્રણ લોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિભાવને કરતો નથી—એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ! ક્યાં તારી મહાનતા ને ક્યાં વિભાવની તુચ્છતા? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય? તું તો જાણનસ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય? આહાહા! દ્રવ્યદૃષ્ટિના સમયસારના કથનો અલૌકિક છે.

✍ એક સમયની પર્યાય સત્ છે, સ્વતંત્ર છે. જે કાળે જે પર્યાય થવાની તે

પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી થવાની, પણ એનો નિર્ણય કઈ રીતે થાય? એ નિર્ણયનું તાત્પર્ય શું? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય?–કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી–પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય! એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા! શું વીતરાગની વાણી! ચારેકોરથી એક સત્ જ ઊભું થાય છે.

✍ શ્રોતા :–આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શે એ તો ઠીક પણ પોતાની પર્યાયમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–અરે ભાઈ! જ્યાં દ્રવ્યને જ્ઞાયકપણે સ્વીકાર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી? કે દ્રવ્યમાંથી; માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (—શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

✍ સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો! તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ; બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે.

✍ કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એટલે સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન આદિ જે સમયે થવાના છે તે જ સમયે થવાના છે, તે જ સમયે થાય છે. જે કાળે જે થવાનું તે જ કાળે તે થાય પણ એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વિના થઈ જાય! કાળનયને દેખનાર સાધકની દૃષ્ટિ કાળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે. તેથી કાળનયથી જાણે છે કે જે સમયે ચારિત્ર પ્રગટ થવાનું છે તે સમયે જ પ્રગટ થશે. જે કાળે કેવળજ્ઞાન થવાનું છે તે જ કાળે થશે. કોઈ મુનિ લાખો વર્ષ ચારિત્ર પાળે ને કેવળજ્ઞાન થતાં વાર લાગે, કોઈ મુનિને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય; તેથી લાંબો કાળ ચારિત્ર પાલન કરનાર મુનિને અધીરજ થતી નથી. તે જાણે છે કે કેવળજ્ઞાન થવાનું જ છે તે સ્વકાળે થશે.

✍ સુવર્ણને વાન-ભેદથી જોતાં વાન-ભેદરૂપ પણ છે અને સુવર્ણમાત્રથી જોતાં સુવર્ણમાત્ર છે, વાન-ભેદ જૂઠા છે. તેમ જીવવસ્તુને નવતત્ત્વના ભેદરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ, ગુણ-ગુણીભેદરૂપ જોતાં તે ભેદ સત્યાર્થ છે. વસ્તુ ભેદરૂપ પણ છે અને જીવને વસ્તુમાત્રપણે જોતાં તે બધાં ભેદ જૂઠા છે. વસ્તુ અભેદ–ભેદરૂપ છે પણ સરાગીને ભેદ દેખતાં વિકલ્પ ઊઠે છે ને અભેદરૂપ દેખતાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. કેવળીને ભેદ દેખવા છતાં વીતરાગ હોવાથી રાગ ઊઠતો નથી, સરાગીને ભેદ ઉપર લક્ષ જતાં રાગ થાય છે. ભેદને દેખવું તે રાગનું કારણ નથી પણ સરાગીને ભેદ દેખતાં રાગ ઉત્પન્ન થાય છે, તેથી સરાગીને નિર્વિકલ્પતાનું પ્રયોજન હોવાના કારણે ભેદનું લક્ષ ગૌણ કરી અભેદનું લક્ષ કરવા કહ્યું છે.

✍ સમયસાર ગાથા ૫૦ થી ૫૫ મા અનુભૂતિને આત્મા કહ્યો છે. ત્યાં જેટલા વિકલ્પો ઊઠે છે તેનાથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવું છે. તેથી અનુભૂતિની નિર્મળ પર્યાયને આત્મા કહ્યો છે પણ જ્યારે એ અનુભૂતિ કેમ પ્રગટે છે તે બતાવવું હોય ત્યારે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય તે સ્વ છે ને તેનો આશ્રય કરનાર પર્યાય તે પર છે, ભિન્ન છે–તેમ નિયમસાર ગાથા ૫૦મા કહ્યું છે. એ અનુભૂતિની નિર્મળ પર્યાય ધ્રુવદ્રવ્યને સ્પર્શતી નથી ને ધ્રુવદ્રવ્ય અનુભૂતિને સ્પર્શતું નથી. અહો! આ તો પરમ અધ્યાત્મના અંદરના ગંભીર સૂક્ષ્મ ભાવો છે. જાણનક્રિયા અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય એ એક બીજાને સ્પર્શતા નથી, છતાં જાણનક્રિયાનો આધાર આત્મદ્રવ્ય છે.

✍ વર્ણાદિ પુદ્‌ગલ જીવમાં નથી એ તો ઠીક અને રાગાદિ વિકાર પણ જીવમાં નથી એ પણ ઠીક પરંતુ સંયમલબ્ધિસ્થાન અને ગુણસ્થાનના જે ભેદો પડે છે તે પણ જીવમાં નથી, કેમકે અનુભૂતિમાં ભેદ ભાસતો નથી તેથી તે ભેદો જીવમાં નથી પણ પુદ્‌ગલના પરિણામ છે તેમ કહ્યું છે.

✍ શ્રોતા :–પરની પર્યાયને પરદ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કેમ કહો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પરદ્રવ્યના લક્ષે થતાં રાગની જેમ નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઊઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે, તે દ્રવ્યથી સર્વથા ભિન્ન છે એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી. તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્‌સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે.

✍ આત્મા તો એકલો મૌનસ્વરૂપ જ છે. એ ક્યાં વાણીને કરે છે ને વિકલ્પનેય કરે છે! આત્મા વિકલ્પને કરે છે એ તો જૂઠીનયનું કથન છે. આસ્રવતત્ત્વ આત્મામાં છે જ નહિ. આમ બોલ્યો ને આમ કહેવું ને આમ સમાધાન કરવું....આહાહા! વાણીને શું કરી શકાય છે કે તે આમ બોલે ને કહે?

✍ વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય તો કરે કે રાગથી નહિ, નિમિત્તથી નહિ, ખંડખંડ જ્ઞાનથી નહિ, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી–એમ પહેલાં નિર્ણયનો પાકો સ્તંભ તો નાખે! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે, ભલે સ્વસન્મુખ વળવું હજું બાકી છે.

✍ વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહિ એમ તો પહેલાં દૃઢ કરે! નિર્ણય થતા રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

✍ ભગવાન આત્મા અનંત અનંત જ્ઞાન-દર્શન આદિ ગુણ લક્ષ્મીથી ભરેલો છે. તેના અસ્તિપણાની–તેની હયાતીની કબૂલાત નહિ, વિશ્વાસ નહિ અને જેમાં પોતે નથી

એવા અલ્પજ્ઞતા અને રાગમાં પોતાનું અસ્તિ માનવું, હયાતી માનવી એ જ અજ્ઞાન છે અને તે જ બંધનું કારણ છે. પોતાના સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવનો સ્વીકાર નહિ અને રાગના એક અંશનો સ્વીકાર તે અજ્ઞાન જ બંધનું કારણ છે. બીજું જાણપણું ન કર્યું તેથી અજ્ઞાન છે તેમ ન કહ્યું પણ પોતાના સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવને ન જાણ્યો તે જ અજ્ઞાન અને બંધનું કારણ છે તેમ કહ્યું.

✍ શ્રોતા :–પર્યાયને નહિ માનવાથી તો એકાન્ત થઈ જાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–'પર્યાય નથી જ' એમ નથી. શ્રદ્ધા કરે છે, જાણે છે, સ્થિરતા કરે છે એ પર્યાય જ છે, પણ પર્યાયનો આશ્રય કરવો તે વિપરીતતા છે. ચૈતન્યસામાન્યનો આશ્રય કરવા માટે પર્યાયને ગૌણ કરી નિષેધ કરવામાં આવે છે, પણ તેથી પર્યાય પર્યાયરૂપે સર્વથા છે જ નહીં એમ નથી.

✍ કેવળજ્ઞાન પૂરું જાણે છે, દ્રવ્યને જાણે છે, પૂર્ણ શુદ્ધપર્યાય છે તેને પણ જાણે છે છતાં પર્યાય ઉપાદેય નથી, ત્રિકાળી દ્રવ્ય જ એક ઉપાદેય છે. કેવળજ્ઞાન સાધકને તો છે નહિ અને તેનું લક્ષ કરવા જતાં રાગ થાય છે. ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થાય છે. તેથી તે જ એક ઉપાદેય છે. આમ છતાં મોક્ષપર્યાય પરમ હિતકર છે, સંવર-નિર્જરા પર્યાય ઉપાદેય છે તેમ કહ્યું છે તે પ્રગટ કરવા લાયક છે એ અપેક્ષાએ કહ્યું છે; આશ્રય તરીકે આદર કરવા માટે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય એક જ ઉપાદેય છે ને બીજુ બધું હેય છે.

✍ શ્રોતા :–બે નયોને જાણવાનું કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે, પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્ય સામાન્ય દ્રવ્ય છે તે જ આશ્રય કરવાયોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવાપણું માની લેતાં દૃષ્ટિની વિપરીતતા થાય છે.

✍ શ્રોતા :–આત્માને આળખ્યો ન હોય ને શુભરાગને ઝેર કહેવાથી સ્વચ્છંદી ન થઈ જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :–અજ્ઞાની સ્વછંદી જ છે. મિથ્યાત્વ છે તે જ મોટું પાપ ને સ્વછંદ

છે. શુભરાગને ઝેર કહીને શુભરાગની રુચિ છોડાવવી છે. શુભરાગ પહેલાં છૂટતો નથી, શુભની રુચિ પહેલાં છૂટે છે. શુભરાગને ઝેર કહીને તેની રુચિ છોડાવવી છે.

✍ શ્રોતા :–વાણીના કર્તા નથી તો મુનિઓ ઉપદેશ કેમ આપે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–મુનિઓ ઉપદેશ દેતાં જ નથી, મુનિઓ ઉપદેશને જાણે છે. ભગવાન કહે છે–જિનવર કહે છે એમ શાસ્ત્રોમાં કથનો આવે પણ ભગવાન કહેતાં જ નથી, ભગવાન વાણીને જાણે જ છે. ખરેખર તો સ્વને જ જાણે છે. સ્વપર જાણવું સહજ છે, પરની અપેક્ષા જ નથી. જાણવાનો સ્વભાવ જ છે. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું મારા નિજ વૈભવથી કહીશ, તમે પ્રમાણ કરજો. અરે ભગવાન! વાણી તમારી નથી ને? વાણીથી જ્ઞાન થતું નથી ને? આહાહા! ગજબની વાત છે! અદ્‌ભુત વાત છે! વસ્તુનું સ્વરૂપ જ અદ્‌ભુત છે! નિમિત્ત–નૈમિત્તિકના કથનો એક સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય ન હોય.

✍ પરભાવ હોવા છતાં એટલે કે દયા, દાન, પૂજા, ભક્તિ તથા કામ, ક્રોધાદિ પરભાવો હોવા છતાં જે પોતાની તીક્ષ્ણબુદ્ધિથી સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને એકને જ ભજે છે તે મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. હવે, મુક્તિસુંદરી તેનાથી દૂર નહિ રહી શકે. પર્યાયમાં વિકારભાવો તો છે, એ પરભાવો હોવા છતાં તેની દૃષ્ટિ છોડીને, સ્વામિત્વ છોડીને સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને ભજે છે તે શુદ્ધ દૃષ્ટિવાળો છે.

✍ જિનવચનમાં શુદ્ધદ્રવ્ય અર્થાત્ ત્રિકાળી ધ્રુવવસ્તુ તે જ મુખ્ય છે, તેથી તે જ ઉપાદેય છે. આવા ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યને મુખ્ય કરીને તેમાં જે પુરુષો રમે છે, પ્રચુર પ્રીતિ સહિત વારંવાર અભ્યાસ કરે છે તે પુરુષો શુદ્ધચૈતન્યમાત્ર આત્માનો તુરત જ સ્વાનુભવ કરે છે, પરમ શુદ્ધ ચૈતન્યજ્યોતિને દેખે છે, અનુભવે છે અર્થાત્ તેમાં ક્રિડા કરે છે, રમે છે.

✍ શ્રોતા :–જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જ્ઞાનીને રાગાદિ શરીરની જેમ જ ભિન્ન દેખાય છે. અત્યંત ભિન્ન દેખાય છે.

✍ શ્રોતા :—દ્રવ્યસ્વભાવમાં વિકાર છે જ નહિ તો કારણપરમાત્માને પાપરૂપ બહાદુર શત્રુસેનાને લૂંટનારો કેમ કહ્યો?

✍ પૂજ્ય ગુરુદેવશ્રી :-એ તો પર્યાયથી વાત કરી છે. પર્યાયમાં રાગાદિભાવો છે તે સ્વભાવસન્મુખ ઢળતાં ઉત્પન્ન જ થતા નથી તેથી તેનો નાશ કર્યો એમ કથનમાત્ર કહેવાય છે. દ્રવ્યસ્વભાવમાં તો રાગાદિભાવો કે સમ્યગ્દર્શન, ચારિત્ર, કેવળજ્ઞાન કે સિદ્ધપર્યાય એ કોઈ પર્યાય દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ. સંસાર-મોક્ષ એ બધી પર્યાયોની રમતું છે, દ્રવ્યસ્વભાવમાં એ પર્યાયો છે જ નહિ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એકરૂપ છે, એને નથી કાંઈ ગ્રહવું કે નથી કાંઈ છોડવું. જ્ઞાયકભાવ તો શાશ્વત છે જ. ત્રણ કષાયનો અભાવ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા દિગમ્બર સંતોએ અંતરની વાત અજબ-ગજબની કરી છે. આવી વાત દિગમ્બર સંતો સિવાય ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. એ દિગમ્બર સંતો કહે છે કે બધા જીવો સુખી થાવ, કોઈ જીવ દુઃખી ન થાવ, બધાય જીવો મુક્ત દશાને પામો! દરેક આત્માઓ મુક્તસ્વભાવી જ છે. જેમ ચોખા અને કળથીને ઉત્પન્ન થવાની જમીન જુદી જુદી હોય છે તેમ ચોખા એટલે મુક્તિ તે ઉત્પન્ન થવાનું ચોક્ખું સ્થાન એટલે મુક્તસ્વરૂપ તેના આશ્રયથી મુક્તિ ઉત્પન્ન થાય છે.

✍ અપને આતમદેવકી મહત્તા છોડકર પુણ્ય-પાપકી મહત્તા કરતે હૈં ઓ કુદેવકી મહત્તા કરતે હૈં. પુણ્ય-પાપમેં કુછ શક્તિ નહીં ઉસમેં શક્તિ માનના ઓ કુદેવપણા હૈ.

✍ શ્રોતા :-આત્માના સંસ્કારોને દૃઢ કરવા શું કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :-વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો; શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર પાકો નિર્ણય કરીને દૃઢ કરવો.

✍ દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન–અપ્રગટ હોવા છતાં સર્વજ્ઞ ભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલ ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

✍ આહાહા! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ

હોય તેમ જાણે છે એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે તો આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

✍ આહાહા! પર્યાયને ગુલાંટ મારવી એ કાંઈ ઓછી વાત છે? પર્યાય અનાદિની પરમાં જાય છે તેને ગુલાંટ મારીને અંદરમાં લઈ જવાની છે. અંદરમાં તળીયે લઈ જવામાં મહાન પુરુષાર્થ છે. પરિણામમાં અપરિણામી ભગવાનના દર્શન થાય એ પુરુષાર્થ અપૂર્વ છે.

✍ શ્રોતા :–જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્‌ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્‌ગલનો માને તે બરાબર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જિજ્ઞાસુ પણ વાસ્તવિકરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્‌ગલનો છે એમ માને.

✍ શ્રોતા :–રાગ તે પુદ્‌ગલ પરિણામ....પુદ્‌ગલ પરિણામ એમ કરીને રાગનો ડર રહે નહિ તો?

પૂજ્ય ગુરુદેવશ્રી :–એમ હોય નહિ; રાગની રુચિ હોય નહિ. રાગની રુચિ છોડવા માટે રાગ તે પુદ્‌ગલ પરિણામ છે તેમ જાણે. શાસ્ત્રમાં સ્વછંદતા કરવા કોઈ વાત કરી નથી, વીતરાગતા કરવા કહ્યું છે.

✍ અહો! આ આત્મતત્ત્વ તો ગહન છે. એને આંખો વીંચીને બહારના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો! આ આત્મવસ્તુ અચિંત્ય છે, જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયક જ છે–એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવુ વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમા કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે.

અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે, તેને તો મનથી સાચો નિર્ણય કરવાનો વખત નથી.

✍ અહા! ચૈતન્યપ્રભુ સમીપ બિરાજે છે એની ઉપર નજર નહિ અને પર્યાય ઉપર નજર–દૃષ્ટિ રાખવાથી ચૈતન્યપ્રભુ પ્રગટ થાય નહિ. ભલે પર્યાયમાં જાણપણું ઘણું ખીલ્યું છે અને વ્યવહારશ્રદ્ધા આદિ પર્યાયમાં થયું છે પણ એ પર્યાય ઉપરની દૃષ્ટિ રાખ્યે ચૈતન્યપ્રભુના દર્શન નહિ થાય. આ તો પર્યાય ઉપરની દૃષ્ટિથી મરી જાય ત્યારે દ્રવ્યની દૃષ્ટિ થાય એવી વાત છે! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રજ્ઞાનનો વિકાસ થયો છે તેનું પણ લક્ષ છોડી દે! એ આત્માનું જ્ઞાન નથી. પરસત્તાવલંબી જ્ઞાનમાં જેને હોંશ આવે છે એ જ્ઞેયનિમગ્ન છે, તેને જ્ઞાનસ્વરૂપમાં મગ્નતા નહિ આવે. જેને આવડતના અભિમાન છે તે બધા જ્ઞેયનિમગ્ન છે, જ્ઞાનનિમગ્ન નથી. આ તો ભવથી છુટકારાની અપૂર્વ વાતો છે. પ્રભુ! જ્ઞાયકભાવમાં દૃષ્ટિને થંભાવ! દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે, ત્યાં દૃષ્ટિને થંભાવ! નિગોદથી માંડીને કેવળજ્ઞાન ને સિદ્ધદશા સુધીની કોઈ પર્યાય શુદ્ધદૃષ્ટિનો વિષય નથી. શુદ્ધદૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્યસામાન્ય છે, ત્યાં તારી દૃષ્ટિને થંભાવ–ઝુકાવ! દૃષ્ટિને દ્રવ્યમાં થંભાવવાથી આગળ વધાય છે.

✍ સમયસાર ગાથા ૧૩મા નવતત્ત્વરૂપ પર્યાયોમાં અન્વયપણે રહેલું ભૂતાર્થ એકરૂપ સામાન્યધ્રુવ તે સમ્યગ્દર્શનનો વિષય છે એમ કહ્યું છે. પંચાધ્યાયી (અધ્યાય–૨)માં પણ કહ્યું છે કે ભેદરૂપ નવતત્ત્વમાં સામાન્યરૂપે રહેલો એટલે કે ધ્રુવરૂપે રહેલો શુદ્ધજીવ ભૂતાર્થસ્વરૂપ છે. આ રીતે ભેદરૂપ નવતત્ત્વોથી ભિન્ન શુદ્ધજીવને બતાવી તેને સમ્યગ્દર્શનનો વિષય એટલે કે ધ્યેયરૂપ બતાવેલ છે.

✍ જે જે થવાનું હશે એ થશે એટલે એનો અર્થ ઈ થયો કે એનું ધ્યાન રાખવાનું નથી પણ તારું તું ધ્યાન રાખ. જ્ઞાયકસ્વભાવમાં એકાગ્રતા કર.

✍ આ બાજુ પરમેશ્વર પદ પડ્યું છે તેનું અજ્ઞાનીને કાંઈ માહાત્મ્ય આવતું નથી, તેની કાંઈ કિંમત દેખાતી નથી અને આ બાજુ એક વિકલ્પ ઊઠે છે ત્યાં તેને ઓહોહો! થઈ જાય છે. વિકલ્પનું અસ્તિત્વ અને માહાત્મ્ય આવે છે એ જ મિથ્યાત્વ છે.

✍ ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારે હિસાબે બીજી વસ્તુ જ નથી. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો

પણ મારા હિસાબે તે નથી–એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ, ધન, સ્ત્રી, પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું—એમ જોર આવવું જોઈએ.

✍ જે શ્રમણ ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીપકના પ્રકાશ વડે, યથાસ્થિત પદાર્થના નિશ્ચય વડે ઉત્સુકતા ટાળીને સ્વરૂપમાં જામી ગયા છે, આનંદની ધારામાં મસ્ત થઈ ગયા છે, ઉપશમરસના ઢાળામાં ઢળી ગયા છે ને તેમાંથી બહાર આવવા આળસુ થઈ ગયા છે, વનમાં વાઘ, સિંહ ને વરુ ત્રાડું નાખતાં હોય છતાં નિર્ભય થઈને સ્વરૂપના શાંતરસને–અતીન્દ્રિય આનંદને ચૂસે છે, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વર્તે છે તે શ્રમણને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહે છે. હજી છે તો સાધકદશા છતાં સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે વર્તતા શ્રમણને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહે છે. આહાહા! પંચમ-આરાના સંત મુનિ પંચમ-આરાના શ્રોતાને આ કહે છે. સ્વરૂપમાં વર્તતા સંતને સાક્ષાત્ મોક્ષતત્ત્વ કહ્યું છે કેમ કે અલ્પકાળમાં મોક્ષ થવાનો છે માટે અલ્પકાળને ગૌણ કરીને સાક્ષાત્ મોક્ષ છે તેમ કહે છે.

✍ વીતરાગદેવ એમ કહે છે કે મારી વાણી વડે જણાય એવો તું નથી. તું તારા વડે જ જણાય એવો છો. આહાહા! આવું સત્ય વીતરાગ વિના કોણ કહે? તને જાણવામાં વાણી કે શાસ્ત્રની અપેક્ષા નથી, તું તારાથી જ જણાય એવો છો. દિવ્યધ્વનિથી કે શાસ્ત્રથી જણાય એવો આત્મા નથી, આત્મા આત્માથી જ જણાય છે. આહાહા! જેમાં કોઈ પરની અપેક્ષા આવે નહિ એ માર્ગે જવામાં કેટલી ધીરજ જોઈએ ભાઈ! તું તારાથી જ જણાય એવો મહાપ્રભુ છો–એમ શ્રદ્ધાને તો દૃઢ કર! પહેલાં વિકલ્પ સહિત તો આવો નિર્ણય કર! એ નિર્ણય એવો પાકો થવો જોઈએ કે ઉપરથી ઇન્દ્ર ઊતરે તોપણ ફરે નહિ, પછી અંદર જતાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થશે.

✍ અહો! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું....જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ–વાણી–મન–વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે!.

✍ આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટ ઝટ મારું કામ કરવું છે. સ્વભાવમાં

હઠ કામ ન આવે, માર્ગ સહજ છે. હઠથી, ઉતાવળથી, અધીરજથી માર્ગ હાથમાં આવતો નથી. સહજ માર્ગને પહોંચવા માટે ધીરજ ને વિવેક જોઈએ. ઋષભદેવ ભગવાન જેવાને ૮૩ લાખ વર્ષ પૂર્વ સુધી ચારિત્રદશા ન હતી અને ભરત ચક્રી જેવાને પણ ૭૭ લાખ પૂર્વ રાજ્ય પદ ને ૬ લાખ પૂર્વે ચક્રી હતા. એ જાણતા હતા કે અંદર સ્વરૂપમાં ડુબકીરૂપ એકાગ્રતાનો ચારિત્રનો પુરુષાર્થ નથી છતાં હઠ કરતા ન હતા. કેટલાકને એમ થાય કે સમ્યગ્દર્શન થયું પણ ચારિત્ર લ્યે નહિ તો શું કામનું? પણ ભાઈ! અંદર સ્વભાવમાં હઠ કામ ન આવે, સહજ પુરુષાર્થથી અંદર જવાય છે. આ વાત સમજવા જેવી છે.

✍ કોઈ જીવ વનકેલી કરવા જંગલમાં જાય ને વૈરાગ્ય થઈ જાય,, કપડાં ઉતારી મુનિ થઈ જાય ને ધ્યાનમાં બેસે ને કેવળજ્ઞાન પામી જાય. આહાહા! અંદરમાં પોતે પ્રભુ શક્તિથી ભરેલો છે ને! ક્ષણમાં કેવળજ્ઞાન લેવાની એની તાકાત છે. કોઈને પાણીમાં ડુબાડે ને કેવળ લ્યે, કોઈને ઘાણીમાં પીલે ને કેવળ લ્યે, કોઈને પર્વત ઉપર ઉછાળે ને કેવળ લ્યે. અંદર પ્રભુત્વ આદિ શક્તિના સ્વભાવમાં ઉપયોગ એકાગ્ર થયો તે બાહ્ય પ્રતિકૂળતાને દેખતો નથી.

✍ એક સમયની જ્ઞાનપર્યાય અનંતા દ્રવ્યોને જાણે, અંત રહિત અનંત ક્ષેત્રને જાણે, અંત રહિત અનંત કાળને જાણે, અંત રહિત અનંત અનંત ગુણોને જાણે; એ પર્યાયની તાકાત કેટલી? એ પર્યાયનું સામર્થ્ય કેટલું? એની વિસ્મયતા લાગે તો વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ થાય જ. આહાહા! દ્રવ્યનો સ્વભાવ અલૌકિક, ક્ષેત્રનો સ્વભાવ અલૌકિક, કાળ સ્વભાવ અલૌકિક, ભાવસ્વભાવ અલૌકિક. વસ્તુ આવા અલૌકિક સ્વભાવવાળી જ છે. વસ્તુનો સ્વભાવ વિસ્મયકારી છે. તે એક સમયની સર્વજ્ઞ પર્યાયમાં આવી જાય છે તે વિસ્મયતા છે. જાણ્યું એવું વાણીમાં આવ્યું એ વિસ્મયતા છે. આવી પોતાની પ્રભુતાનો સ્વીકાર થાય તેને અજ્ઞાન ને રાગ-દ્વેષ રહે તેમ બને જ નહિ.

✍ શ્રોતા :–ઘણા વખતથી તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે. એના અતીન્દ્રિય

આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફિક્કો લાગે, સંસારના રાગનો રસ ઊડી જાય, અહો! જેના આટલા આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ? એમ આશ્ચર્ય થાય, એની લગની લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ! ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે, કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશના લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદસ્વરૂપની અંદરથી ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે તેને આત્મા પ્રાપ્ત થાય જ.

✍ શ્રોતા :–આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય.

✍ બિહારમાં એક લગ્ન મંડપમાં વર-વધૂ લગ્ન-વિધિમાં મંત્ર જપતા હતા ને એકદમ વરને હાર્ટફેઈલ થતાં દેહ છૂટી ગયો. આહાહા! એ કુટુંબ ભેગું થયું હશે ને લગ્નનો કેટલો હરખ...હરખ...ચાલતો હશે! ને ક્ષણમાં વરનો દેહ છૂટતાં હાહાકાર થઈ ગયો! આહાહા! ક્ષણભંગુર દેહનો શો ભરોસો?

શ્રોતા :–હજારો લગ્ન થાય છે તેમાં આવો પ્રસંગ તો કોઈકને જ બને ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :–અરે! આવા મરણ પ્રસંગ અનંતવાર કર્યાં છે. આવું મરણ બીજાને થયું છે તેમ ન સમજવું પણ આવા કુમરણો અનંતકાળમાં અનંતવાર પોતાને પણ થઈ ગયા છે એમ જાણીને ક્ષણભંગુર દેહનું શરણ છોડી પોતાનું શરણ લઈ મરણ આવ્યા પહેલાં પોતાનું હિત કરી લે. ભાઈ! આવા ટાણા ફરી ક્યારે મળશે? માટે તું તારું હિત કરી લે.

✍ સંતો, શાસ્ત્રો ને સર્વજ્ઞો એમ કહે છે કે પહેલાંમાં પહેલો આત્માને જાણવો-અનુભવવો એ વાત જ જેને રુચતી નથી ને બીજું કાંઈક કરવું....કરવું એમ માને છે તે દેવ-શાસ્ત્ર-ગુરુનો અનાદર કરે છે.

✍ જેમ સ્વભાવ સત્ છે તેમ રાગ છે તે પણ ઉત્પાદપણે સત્ છે. રાગપરિણામ પોતાની પર્યાયમાં છે માટે આત્મા તેનો કર્તા છે. નિશ્ચયનયે આત્મા રાગપરિણામનો કર્તા છે કેમ કે પોતાની પર્યાયમાં રાગ થાય છે. એ રાગનો કર્તા જડ કર્મ નથી પણ આત્મા તેનો કર્તા છે. રાગ પોતાથી પોતાની પર્યાયમાં છે એમ જાણીને સ્વદ્રવ્યના આશ્રયે તેને છોડવો. રાગનો કર્તા પોતે છે ને રાગનો છોડનારો પણ પોતે છે એમ જાણીને ત્રિકાળીના અવલંબને રાગને ટાળી શકાય છે.

✍ એક દ્રવ્ય અન્ય દ્રવ્યથી ભિન્ન હોવાથી બહાર લોટે છે. શરીરને આત્મા અડતો નથી, વીંછીનો ડંખ શરીરને અડતો નથી ને વીંછી કરડે ત્યાં રાડ નાખે! આહાહા! આત્માથી બહાર લોટે છે તે આત્માને શું કરી શકે? પગ છે તે જમીનને અડતો નથી ને તડકો હોય ત્યાં ગરમ થઈ જાય! પાણીને અગ્નિ અડતી નથી ને અગ્નિ હોય ત્યાં પાણી ગરમ થાય! આહાહા! એક દ્રવ્યનો પોતાનો ચમત્કારિક સ્વભાવ છે પણ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું શું કરે? એ સિદ્ધાંત અંદરમાં બેસે તો ભ્રમણા ભાંગી જાય ને દૃષ્ટિ સ્વસન્મુખ વળી જાય.

✍ શ્રોતા :–સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે કે મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–સમ્યગ્દૃષ્ટિ મોક્ષ માટે પ્રયત્ન કરે છે, પુરુષાર્થ કરે છે અને મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે એટલે કે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એટલે મુક્તિની પર્યાય આવવાની જ છે.

✍ શ્રોતા :–અરિહંતાદિ પ્રત્યેનો રાગલવ (અંશ) પણ અનર્થ પરંપરાનું મૂળ છે એ વાત જાણતાં આઘાત ન લાગે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે! અરિહંતાદિ પ્રત્યેનો રાગ તે પણ મને બંધનું કારણ છે એમ જાણતાં તો વીર્યની સ્ફૂરણા જાગે છે, વીર્યમાં ઉલ્લાસ આવે છે, આઘાત થતો નથી.

✍ હે જીવ! તું જ તારું તીર્થ છો ત્યાં આરૂઢ થા, બીજા તીર્થે ન જા!....ન

જા! વ્યવહાર નિષેધ્ય છે ને! તેથી અહીં યોગીન્દ્રદેવ સ્પષ્ટ કરે છે કે સમ્મેદશિખર આદિ તીર્થો છે તે પરતીર્થ છે, ત્યાં ન જા! તેના લક્ષે તને શુભરાગ થશે. તું તારા પરમ તીર્થસ્વરૂપ આત્મામાં આરૂઢ થા, તેનાથી તને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થશે. બીજા ગુરુની સેવા ન કર, તેના લક્ષે રાગ થશે. તું તારા પરમાર્થગુરુની સેવા કર, તેનાથી તને આનંદની પ્રાપ્તિ થશે. દેવની સેવા ન કર, બીજા દેવ, અરિહંત, સિદ્ધનું ધ્યાન ન કર. ભાઈ! તેના લક્ષે શુભ વિકલ્પ થશે ને પુણ્ય-બંધન થશે. તું તારા આત્મદેવનું ધ્યાન કર જેથી તને આનંદના નાથનો ભેટો થશે. તું તારા પરમ દેવ-ગુરુ ને તીર્થની સમીપ જા. આમ કહી રાગના કારણભૂત વ્યવહાર દેવ-ગુરુ-તીર્થનું લક્ષ છોડાવીને આનંદના કારણભૂત પરમાર્થ દેવ-ગુરુ-તીર્થનું લક્ષ કરાવ્યું છે.

✍ શ્રોતા :–અજ્ઞાની જિજ્ઞાસુજીવ સ્વભાવ ને વિભાવનું ભેદજ્ઞાન કરવા પ્રયત્ન કરે છે પણ સ્વભાવને જોયો નથી તો તેનાથી વિભાવને ભિન્ન કેવી રીતે કરી શકે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જો પહેલાં જિજ્ઞાસુજીવે સ્વભાવને જોયો હોય તો તેને ભેદજ્ઞાન કરાવાનું ક્યાં રહ્યું? જિજ્ઞાસુજીવે પહેલાં અનુમાનથી નક્કી કરવાનું છે કે આ પર તરફના વલણનો ભાવ છે તે વિભાવ છે ને અંદર વલણ કરવું તે સ્વભાવ છે. પર તરફના વલણના ભાવમાં આકુળતા ને દુઃખ છે અને અંતરવલણના ભાવમાં શાંતિ છે–એમ સ્વભાવને પહેલાં અનુમાનથી નક્કી કરે છે.

✍ રામ–લક્ષ્મણ બળદેવ–વાસુદેવ છે, રાવણ પ્રતિવાસુદેવ છે, તેને લક્ષ્મણ મારે છે ને પછી રાવણને બાળવા સાથે જાય છે. રાવણની સ્ત્રીને કહે છે કે માતા! અમે વાસુદેવ- બળદેવ છીએ, શું થાય! બીજો કોઈ ઉપાય ન હતો, હોનહાર થયા વિના રહેતું નથી. માતા! અમને ક્ષમા કરજે. રાગ-દ્વેષની પ્રવૃત્તિ થઈ પણ તેનો અંદરમાં ખેદ છે. અરે! આ અમારા કામ નહિ, અમે તો અંદરમાં રમનારા છીએ.

✍ શ્રોતા :–રાગમાંથી લક્ષ ફેરવી સ્વરૂપમાં લક્ષ કેવી રીતે જાય?

પૂજ્ય ગુરુદેવશ્રી :–કોઈ વેદનાના કાળે બીજી કોઈ મોટી અનુકૂળતાનો પ્રસંગ આવતા રોગમાંથી લક્ષ ફેરવીને આનંદિત થઈ જાય છે ને! તેમ સ્વરૂપનો મહિમા લાવે તો....અપૂર્વ મહિમા આવતાં રાગમાંથી લક્ષ છૂટી સ્વરૂપની રુચિ ને લક્ષ થાય છે.

✍ જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ સ્થાપ ને! પર્યાય ઉપર શું કામ જોર

દે છો? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો? પર્યાયના પલટતા અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને! જ્ઞાનાનંદ સાગરના તરંગો ઊછળે તેના ઉપર જોર દે. તરંગોને ન જોતાં આનંદ સાગરના દળ ઉપર જોર દે ને! અનાદિથી ક્ષણિક પર્યાય ઉપર જોર દે છો તે છોડી દે ને ત્રિકાળી ધ્રુવ નિત્ય જ્ઞાયકદળ ઉપર જોર દે અને દૃષ્ટિમાં સ્થાપ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટશે.

✍ સજ્જનનો મહિમા દુશ્મન પાસે કરાવવામાં આવે તો દુશ્મન સજ્જનનો મહિમા–વખાણ કરી કરીને કેટલા કરે? તેમ આત્માનો–ચૈતન્યનો જડરૂપ વાણી મહિમા કરી કરીને કેટલો કરે? ઝાડ ઉપર ને ડાળી ઉપર ચંદ્ર બતાવતાં ડાળી ઉપરથી દૂર દૂર દૃષ્ટિ ચાલી જાય તો ચંદ્ર દેખે તેમ ન્યાય યુક્તિ આદિથી વસ્તુ બતાવતાં એનાથી પાર દૃષ્ટિ અંતરમાં (અભેદમાં) ચાલી જાય તો વસ્તુનો અપાર મહિમા અનુભવમાં આવે.

✍ આ તો સનાતન સ્યાદ્વાદ જૈનદર્શન છે. એને જેમ છે તેમ સમજવું જોઈએ. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાયને ભલે હેય કહે છે પણ બીજી બાજુ શુભરાગ આવે છે, હોય છે, એના નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય છે, ભગવાનની પ્રતિમા હોય છે એને ન માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. ભલે તેનાથી ધર્મ નથી પણ તેને ઉથાપે તો મિથ્યાદૃષ્ટિ છે. શુભરાગ હેય છે, દુઃખરૂપ છે પણ એ ભાવ હોય છે, તેના નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે, તેનો નિષેધ કરે તો જૈનદર્શનને સમજ્યો નથી તેથી મિથ્યાદૃષ્ટિ છે.

સ્વ. ચંદુલાલ શાંતીલાલ શાહના સ્મરણાર્થે હસ્તે હીનાબેન વિશ્રુતભાઈ ભક્ત, ભટાર રોડ, સુરત તરફથી રૂા. ૧૧,૧૧૧=૦૦ આ અંકના પ્રકાશનાર્થે મળેલ છે.

શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મ-જયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

શ્રી ચુનીલાલ દેવચંદ કોઠારી હસ્તે મીનાબેન અકલંકભાઈ કોઠારી (વડોદરા) દ્વારા
અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન,
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૬મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય સમ્યક્ત્વમાર્ગદાતા પૂજ્ય ગુરુદેવશ્રી, ધન્ય સમ્યક્ત્વવિભૂષિત ભગવતીમાતા
ધન્ય! ફાગણ વદ ૧૦

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂ. બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. પરંતુ આ વર્ષે ૭૬મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસસહ ઊજવવામાં આવ્યો.

## * પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ *

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૮-૩-૨૦૦૮ થી તા. ૧-૪-૨૦૦૮ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક શ્રી ચુનીલાલ દેવચંદ કોઠારી હસ્તે મીનાબેન અકલંકભાઈ કોઠારી (વડોદરા) દ્વારા અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના લગભગ ૧૦૦૦ મુમુક્ષુઓ એકત્ર થયા હતા. આ ઉત્સવમાં સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના નિજાત્મકલ્યાણકારી વચનોથી તથા પૂર્વાચાર્યોનાં સમ્યક્ત્વ-મહિમાસૂચક કથનોનાં રંગબેરંગી બેનરોથી સુશોભિત કરવામાં આવ્યો હતો. તથા મુખ્ય દિવસે (ફાગણ વદ-૧૦) સ્ટેજ ઉપર પૂજ્ય બહેનશ્રી દ્વારા સમ્યક્ત્વની અભિવ્યક્તિ તથા તેઓને સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પંડિતરત્ન હિંમતભાઈના ભાવોને અભિવ્યક્ત કરતું મોટું પોસ્ટર લગાવવામાં આવ્યું હતું જે અત્યંત ધ્યાનાકર્ષક લાગતું હતું.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચોસઠ ઋદ્ધિ મંડળ વિધાન પૂજા, વિવિધ બેનરોથી શોભિત વિશાળ મંડળમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્ર ભક્તિ, ધાર્મિક શિક્ષણ વર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન તથા રાત્રે અન્ય VDO આ પ્રક્રમ બરાબર નિયમિત ચાલતો હતો.

**સમયસાર હરિગીત સીડી વિમોચન :** તા. ૩૧-૩-૦૮ને સોમવારના રોજ આયોજક શ્રીમતી મીનાબહેન અકલંકભાઈ કોઠારીના સૌજન્યથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાવાયેલ સમયસારના હરિગીત આદિની ઑડિયો CD તથા સમયસારની લઘુ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. મુમુક્ષુઓને આ CD તથા પુસ્તિકા તેજ દિવસે વિતરીત કરવામાં આવી હતી. જે માટે મુમુક્ષુઓમાં ઘણો જ ઉત્સાહ જોવામાં આવ્યો હતો.

## * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૧૪-૩-૦૮ને મંગળવારના મહા પવિત્ર દિવસે ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભજનમંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું. આ મહોત્સવમાં આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે ભોજન તથા નિવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર. ચંદુભાઈ જોબાળિયા, બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ), શ્રી પવનભાઈ (સોનગઢ), શ્રી નિરંજનભાઈ (સુરત) તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શિક્ષણવર્ગોમાં અધ્યાપન શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) દ્વારા ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

આ મંગલ અવસર પર કાયમી મંડલવિધાનપૂજા ૪૮ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૨,૮૨,૬૬૨=૦૦ ની દાનરાશિ પ્રાપ્ત થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૭૬ના અંકમાં ૭૬ × ૯૪૪ | = | ૭૧,૭૪૪.૦૦ |
| ૨. પ્રાસંગિક વિધાનપૂજા ૨ × ૧૦૦૦ | = | ૨,૦૦૦.૦૦ |
| ૩. રૂ. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૨૩૭ | = | ૧,૧૮,૫૦૦.૦૦ |
| ૪. જિનેન્દ્ર આરતીમાં | = | ૧૬,૫૨૧.૦૦ |
| ૫. વધાઈના સ્ટેજ પર | = | ૨૬,૫૯૬.૦૦ |
| ૬. અન્ય | = | ૪૭,૩૦૧.૦૦ |
| કુલ | = | ૨,૮૨,૬૨૨.૦૦ |

તદ્ ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી ચુનીલાલ દેવચંદ કોઠારી હસ્તે મીનાબેન અકલંકભાઈ કોઠારી (વડોદરા) તરફથી આપવામાં આવ્યો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી પુરુષાર્થસિદ્ધ્યુપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

**મંગલ પત્રિકા લેખન :** પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૧૯મો જન્મ-જયંતી મહોત્સવ જે શ્રી ધીરજલાલ મનહરલાલ શાહ પરિવાર સુરત દ્વારા ઉજવાના૨ છે, તેની પત્રિકાની મંગલ લેખનવિધિ તા. ૩૦-૩-૨૦૦૮ ફાગણ વદ ૮ રવિવારના રોજ સુવર્ણપુરીમાં સમ્યક્ત્વજયંતી મહોત્સવ પ્રસંગે સાનંદ સંપન્ન થઈ હતી.

**મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ :—**તા. ૧૮-૪-૨૦૦૮, ચૈત્રસુદ ૧૩, શુક્રવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

### વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૩-૫-૨૦૦૮ શનિવારથી થી તા. ૨૩-૫-૨૦૦૮ શુક્રવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ એકવીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

*પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૯મો*

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૯મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર, સુરત દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૧૯મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૩-૫-૨૦૦૮ શનિવારથી તા. ૭-૫-૨૦૦૮ બુધવાર—પાંચ દિવસ સુધી 'શ્રી તીર્થમંડળ વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રર્ણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

*નિમંત્રક*

*શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ પરિવાર,*

*હ. દિનેશભાઈ, શિરિષભાઈ, સુરત*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો, પોકાર કરીને એમ કહે છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણવો, આત્માને અનુભવવો, એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા પાંચમા પણ કહ્યું કે હું કહું છું તેનો અનુભવ કરીને પ્રમાણ કરજે. ૪૪૦.

❀ નિગોદના જીવને એક શ્વાસમાં ૧૮ ભવ થાય. એક અંતર્મુહૂર્ત અંદર એટલે અડતાલીશ મિનિટ અંદર ૬૬૩૩૬ ભવ નિગોદના જીવ કરે છે—એમ ભગવાન સર્વજ્ઞે જોયું છે. આહાહા! એક અંતર્મુહૂર્ત અંદર ૬૬૩૩૬ ભવ કરે એ દુઃખ કેટલું? એ સાંભળતાં એને અંદરથી ઘા લાગવો જોઈએ. એવા દુઃખો તો અનંતકાળ ભોગવ્યા. અરે! નરકના દુઃખો પણ એટલા છે કે કરોડો જીભો વડે કરોડો વર્ષે પણ કહી શકાય નહિ એટલા દુઃખો તેં અનંતવાર ભોગવ્યા છે. ભાઈ! હવે મનુષ્યપણું મળ્યું છે તો એ દુઃખોથી છૂટવા, એવા દુઃખોથી રહિત એટલે કે તેના કારણભૂત શુભાશુભ ભાવથી રહિત, પરમાનંદસ્વરૂપ આત્મા છે તેની ઓળખાણ ને દૃષ્ટિ કર તો ભવના દુઃખોથી છૂટકારો થાય. ૪૪૧.

❀ શુભાશુભ વિભાવ તેમ જ અધૂરી પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી અભેદ જ્ઞાયક સ્વભાવ પર જે દૃષ્ટિ થવી, અપરિણામી અભેદ જ્ઞાયકસ્વભાવનો દૃષ્ટિમાં આશ્રય થવો, તે જ સમ્યગ્દર્શન છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી શ્રદ્ધાની પર્યાય', 'આ મારી ચારિત્રની પર્યાય'—એમ પર્યાય ઉપર એટલું જોર શા માટે આપે છે? 'આ મારી ગુણની પર્યાય છે', 'આ મારી દ્રવ્યની પર્યાય છે'—એમ પર્યાય ઉપર તારી રુચિનું વજન કેમ જાય છે? અહીં તો કહે છે કે જેટલા વ્યવહાર અને વિકલ્પો છે તે બધા છે ખરા, પણ તેના પર લક્ષ કરવાથી, તેના પર રુચિનું જોર આપવાથી સમ્યગ્દર્શન થતું નથી. ૪૪૨.

આત્મધર્મ
એપ્રિલ-૨૦૦૮
અંક-૮ * વર્ષ-૨

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# 卐 સુખ-શાંતિનું કારણ 卐

ભાઈ! તું સંસારના પ્રસંગોને યાદ કર્યા કરે છે પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો તેને યાદ કર ને! બાયડી-છોકરા આદિને આમ રાજી રાખ્યા હતા ને આમ ભોગવિલાસ–મોજ-મજા માણી હતી તેને યાદ કરે છે, સ્મરણ કરે છો પણ એ તો બધા તને દુઃખના કારણો છે, સુખનું કારણ તો તારો સ્વભાવ છે. તે સદાય શુદ્ધરૂપે એવો ને એવો જ પડ્યો છે. ચાર ગતિઓના ભ્રમણ કરવા છતાં તારો સ્વભાવ સુખસાગર એવો ને એવો જ ભર્યો પડ્યો છે, તેને યાદ કર ને! તેનું સ્મરણ કર ને! એ એક જ તને સુખ-શાંતિનું કારણ થશે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.
Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662